# અમદાવાદમાં લગ્નની નોંધણી હવે સંપૂર્ણ ઓનલાઈનથી થશે

**નવા** મેરેજ સર્ટિફિકેટ પોર્ટલનો પ્રારંભ, ઓનલાઈન મેરેજ રજિસ્ટ્રેશન પોર્ટલનું લોકાર્પણ

અમદાવાદઃ અમદાવાદમાં હવે લગ્ન નોંધણી પ્રક્રિયાને સંપૂર્ણપણે ઓનલાઈન બનાવી દેવામાં આવી છે. તા. 1 ઓગસ્ટથી અમલમાં આવેલી નવી વ્યવસ્થા હેઠળ હવે અરજદારો ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકશે અને વર-કન્યાના ફોટા સાથેનું ડિજિટલ લગ્ન પ્રમાણપત્ર પણ ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે. આ નવી ઓનલાઈન મેરેજ રજિસ્ટ્રેશન પોર્ટલનું લોકાર્પણ સોમવારે બોડકદેવ સ્થિત સબ-ઝોનલ ઓફિસ ખાતે અમદાવાદના મેયર હિતેશ બારોટના હસ્તે કરવામાં આવ્યું હતું.

નવી સિસ્ટમ મુજબ અરજદારે અમદાવાદ મનપાની વેબસાઈટ પર મેરેજ રજિસ્ટ્રેશન પોર્ટલમાં પ્રથમ નોંધણી કરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજીમાં લગ્ન સ્થળની વિગતો, વર-કન્યાની માહિતી, સાક્ષીઓ તથા પંડિતની વિગતો દાખલ કરવાની રહેશે તેમજ જરૂરી દસ્તાવેજો અને લગ્નના ફોટોગ્રાફ્સ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

અરજી સબમિટ થયા બાદ સબ-રજિસ્ટ્રાર દ્વારા પ્રાથમિક ચકાસણી અને ત્યારબાદ રજિસ્ટ્રાર દ્વારા અંતિમ વેરિફિકેશન કરવામાં આવશે. અરજી મંજૂર થયા બાદ અરજદાર પોતાની અનુકૂળતા મુજબ ફિઝિકલ વેરિફિકેશન માટે ઓનલાઈન તારીખ અને સમયનો સ્લોટ બૂક કરી શકશે. નિર્ધારિત દિવસે વર અને કન્યાએ મૂળ દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહી જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ચકાસણી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ અરજદારે અરજી જે ભાષામાં કરી હશે તે જ ભાષામાં વર અને કન્યાના ફોટા સાથેનું ડિજિટલ લગ્ન પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. આ પ્રમાણપત્ર પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે તેમજ તેની માહિતી અરજદારને એસએમએસ દ્વારા પણ આપવામાં આવશે.

લગ્ન નોંધણી માટેની ફી પણ ઓનલાઈન અથવા કેશ દ્વારા ભરવાની સુવિધા આપવામાં આવી છે. લગ્ન થયાના એક મહિનાની અંદર નોંધણી માટે રૂ.5, ત્રણ મહિનાની અંદર નોંધણી માટે રૂ.15 અને ત્યારબાદ ત્રણ મહિના સુધી નોંધણી માટે રૂ.25 ફી નક્કી કરવામાં આવી છે.

નવી ઓનલાઈન વ્યવસ્થા અમલમાં આવતા જૂની લગ્ન નોંધણી સિસ્ટમ તા. 31 જુલાઈ, 2026થી બંધ કરવામાં આવી છે.

# ઓર્ગન ડોનેશન માટે ગુજરાતની ત્રણ સરકારી હોસ્પિટલને એવોર્ડ

**IKDRC** તેમજ અમદાવાદ તથા સુરત સિવિલ હોસ્પિટલ પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયા

ગાંધીનગરઃ 3 ઓગસ્ટ, 2026ના રોજ 'નેશનલ ઓર્ગન ડોનેશન ડે' નિમિત્તે નવી દિલ્હીના ડૉ. બી. આર. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાયેલા '16મા ઇન્ડિયન નેશનલ ઓર્ગન ડોનેશન ડે' સમારોહમાં ગુજરાતને ત્રણ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ એવોર્ડ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, અંગ પ્રત્યારોપણ ક્ષેત્રે દેશભરમાં અગ્રણી સ્થાન ધરાવતી IKDRC સંસ્થાને Excellence in Leading Government Hospital in Organ Transplantation એવોર્ડ, મૃત દાતાઓમાંથી સફળતાપૂર્વક અંગોના રીટ્રીવલ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલને Best Non-Transplant Organ Retrieval Centre (NTORC)નો એવોર્ડ તેમજ બ્રેઇન સ્ટેમ ડેથની સમયસર ઓળખ, સ્વજનોનું સંવેદનશીલ કાઉન્સેલિંગ અને વૈજ્ઞાનિક પ્રક્રિયા માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલને Best Brain Stem Death Teamનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

**(1) IKDRC-અમદાવાદ**
» ૫૦૨ કિડની » ૮૬ લિવર » ૯ પેન્ક્રિયાસ

**(2) અમદાવાદ સિવિલ**
» ૧૪૧ અંગોનું દાન » ૩૪ ટિશ્યુનું સફળ રીટ્રીવલ

**(3) નવીસિવિલ સુરત**
» 34 આંખો » 75 લીવર » 166 કીડની » 9 હાથ » 2 પેન્ક્રિયાસ » 6 નાનાં આંતરડાં » 11 હૃદય » 12 ફેફસાં

## વરસાદ અટકતાં સુરતના લિંબાયતમાં સફાઇ શરૂ



પાંચ પાંચ દિવસ ખાડીના પાણીમાં વિતાવ્યા બાદ સુરતના લિંબાયત વિસ્તારમાં આજે સાફસફાઇ શરૂ કરવામાં આવી હતી. (તસવીર : સતીષ જાદવ)

# બાંભણિયા ગામની ખોટી ફરિયાદ સામે પાટીદારો મેદાનમાં

**ભાવનગરના** ઘોઘાની ખોટી ફરિયાદ મુદ્દે કલેક્ટર અને એસ.પી. સમક્ષ ન્યાયની માંગ

રાજકોટ : ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના બાંભણીયા ગામે સરકારી માપણીના સાધનો પોતાની જમીનમાં મૂકવા દેવા જેવી સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા ટોળાએ એક ખેડૂત પરિવાર પર ઘાતકી હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે પીડિતોએ કડક કાર્યવાહી અને રાજકીય દબાણથી નોંધાવવામાં આવેલી ખોટી સામી ફરિયાદની તપાસની માંગ સાથે ભાવનગર એસ.પી. અને જિલ્લા કલેક્ટરને પાટીદાર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

બાંભણીયા ગામે સર્વે નંબર 23/1 ની જમીન ધરાવતા રાકેશભાઈ ગોરસીયાના ખેતરમાં ગત 30 જુલાઈ 2026ના રોજ તેના પિતા મનજીભાઈ ખેતી કામ અર્થે ગયા હતા, બાજુના ખેતરમાં ચાલતી સરકારી માપણીના સાધનો તેમની જમીનમાં રાખવા દીધા હોવાના રોષે ભરાઈને 15 થી 20 શખ્સોએ મનજીભાઈ સાથે ગેરવર્તન કર્યું હતું. આ બનાવની જાણ થતાં રાકેશભાઈ અને તેમના સાથીદારો વાડી તરફ જઈ રહ્યા હતા ત્યારે 25 થી 30 લોકોના ટોળાએ તેમની ગાડીનો રસ્તો રોકી, તોડફોડ કરી હતી અને ગાડીમાં બેઠેલા લોકોને માર માર્યો હતો. હુમલાખોરો દ્વારા રાકેશભાઈનો મોબાઈલ અને 50 હજાર રૂપિયા પણ પડાવી લેવાયા હોવાનો ગંભીર આક્ષેપ છે,

આ અંગે પીડિત પક્ષ દ્વારા ઘોઘા પોલીસ સ્ટેશનમાં 10 નામજોગ અને 10 અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જોકે, ત્યારબાદ રાજકીય વગના આધારે 31 જુલાઈના રોજ રાકેશભાઈ અને અન્ય 3 લોકો સામે ખોટી સામી ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનો દાવો કરાયો છે. પીડિત પરિવારે આ સામી ફરિયાદની નિષ્પક્ષ તપાસ કરી તેમાં 'સમરી' ભરવામાં આવે તેમજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને DGP સમક્ષ રજૂઆત કરીને પરિવારને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

# શિકારની શોધમાં રાજુલાના ખારીમાં સાત સિંહો ઘૂસ્યા

**ગાયે** દોટ લગાવી તમામને ભગાડ્યા

**મોટા** આગરીયામાં શેરીઓમાં સિંહોની લટાર

રાજકોટ : અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બે ગામોમાં સિંહોની લટાર જોવા મળી છે. ખારી ગામમાં એક સાથે સાત સિંહો ઘૂસી આવ્યા હતા. જોકે, સિંહોને ગાયે ભગાડી દીધા હતા. આ ઉપરાંત રાજુલાના આગરીયામાં ચાર સિંહો ઘૂસી આવ્યાં હતા અને શેરીઓમાં લટાર મારી રહ્યા હતા. રહેણાંક વિસ્તારમાં સિંહો ઘૂસી આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

સૌ પ્રથમ રાજુલાના ખારી ગામની વાત કરીએ તો અહિં શિકારની શોધમાં એક બે નહીં પણ સાત સિંહો ગામમાં ઘૂસી આવ્યા હતા. જે સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, સાત સિંહો ગામની શેરીઓમાં લટાર મારી રહ્યા છે. આ




સમયે ત્યા એક ગાય આવી પહોંચી હતી. જેથી સિંહોએ તે ગાયનો શિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ગાયે વળતો પ્રહાર કરતા સિંહો ત્યાંથી ભાગી ગયા હતા. ગાયનો શિકાર કરવામાં નિષ્ફળ રહ્યા બાદ, સિંહોએ ગામમાં જ વાછરડીનો શિકાર કર્યો હતો. એકસાથે આટલા સિંહો ગામમાં જોવા મળતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

હવે રાજુલાના આગરીયા ગામની વાત કરીએ તો અહિં એકસાથે ચાર સિંહો ઘૂસી આવ્યાં હતા. જેથી સ્થાનિકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ સર્જાયો છે. શિકારની શોધમાં ગામની શેરીઓમાં બિન્દાસ રીતે આંટાફેરા મારી રહેલા સિંહોને જોઈને રખડતા પશુઓમાં પણ જીવ બચાવવા માટે ભારે ભાગદોડ મચી ગઈ હતી. સાવજોની આ લાઈવ હિલચાલ ગામમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

**ગામમાં દહેશતનો માહોલ**

મોટા આગરીયા ગામમાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર સિંહોની લટાર જોવા મળે છે. ખાસ કરીને રાત્રિના સમયે સિંહોના વધી રહેલા આંટાફેરાને કારણે ગ્રામજનોની ઊંઘ હરામ થઈ ગઈ છે. મારણની શોધમાં રહેણાંક વિસ્તારમાં પ્રવેશી રહેલા સિંહોને કારણે ગ્રામજનોમાં ચિંતાની સાથે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# TAT-S 20 સપ્ટેમ્બરે યોજાશે, 7 સપ્ટેમ્બરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર : ગુજરાતની માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા ઇચ્છતા ઉમેદવારો માટે રાજ્ય પરીક્ષા બોર્ડે TAT-S 2026ની મુખ્ય પરીક્ષા 20 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાશે, જ્યારે ઉમેદવારો 7 સપ્ટેમ્બરથી પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. TAT-S 2026ની પ્રિલિમિનરી પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારો હવે વર્ણનાત્મક અને વિષયવસ્તુ આધારિત મુખ્ય પરીક્ષામાં ભાગ લેશે. પરીક્ષા રાજ્યના વિવિધ મુખ્ય જિલ્લા મથકો ખાતે નિર્ધારિત પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવશે. પરીક્ષાની પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની દેખરેખ તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવશે તેવી માહિતી આપી છે. રાજ્ય પરીક્ષા બોર્ડના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ઉમેદવારો 7 સપ્ટેમ્બર, 2026થી સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાના કન્ફર્મેશન નંબર અને જન્મતારીખની મદદથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

# વરસાદની રજા ભરપાઈ કરવા રવિવારે શાળા ચાલુ રાખવા સંચાલકોની માંગ

**સુરત** સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી

સુરતઃ જુલાઈ માસ દરમિયાન ભારે વરસાદ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી રજાઓને કારણે શૈક્ષણિક કાર્યને થયેલા નુકસાનની ભરપાઈ માટે સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને સુરત જિલ્લાના સ્વનિર્ભર શાળાઓને જરૂરિયાત મુજબ રવિવારના દિવસે શાળા ચાલુ રાખવાની સામૂહિક મંજૂરી આપવા માંગ કરવામાં આવી છે.

મંડળે જણાવ્યું છે કે ભારે વરસાદની આગાહી અને સાવચેતીના ભાગરૂપે અંદાજે પાંચ દિવસ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. તેના કારણે અભ્યાસક્રમમાં નોંધપાત્ર વિલંબ થયો છે અને સમયસર અભ્યાસ પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થઈ છે. આગામી યુનિટ ટેસ્ટ અને પિરિયોડિક ટેસ્ટને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરવો જરૂરી બન્યો છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે આગામી સમયમાં આવનારી જાહેર રજાઓ તેમજ વિવિધ ધાર્મિક અને સામાજિક તહેવારો દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો વિવિધ કાર્યક્રમોમાં વ્યસ્ત રહેતા હોવાથી તે દિવસોમાં શાળા ચાલુ રાખવી વ્યવહારિક રીતે શક્ય બનતી નથી. આવી સ્થિતિમાં રવિવારના દિવસે શાળા શરૂ રાખવાની છૂટ આપવામાં આવે તો ગુમાયેલા શૈક્ષણિક દિવસોની અસરકારક ભરપાઈ થઈ શકશે અને પરીક્ષાઓ પણ અગાઉથી નક્કી કરાયેલા સમયપત્રક મુજબ યોજી શકાશે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆતમાં જણાવ્યું છે કે સુરત જિલ્લાના તમામ સ્વનિર્ભર શાળાઓને તેમની જરૂરિયાત મુજબ રવિવારે શાળા ચલાવવાની સામૂહિક મંજૂરી આપવામાં આવે.

# સુરત શહેર-જિલ્લામાં વરસાદનો બે દિવસનો વિરામ, તાપમાનમાં વધારો

**12 ઓગસ્ટે** નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની આગાહી, ત્યાં સુધી છૂટાછવાયા ઝાપટાંની શક્યતા

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો હોવાથી જનજીવનને નોંધપાત્ર રાહત મળી છે. સતત વરસી રહેલા વરસાદ બાદ મળેલા આ વિરામને કારણે રસ્તા પર પાણી ભરાવાની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે તેમજ રોજિંદા કામકાજ પણ સામાન્ય બન્યા છે. જોકે વરસાદ બંધ થતાં શહેરમાં ગરમી અને ઉકળાટમાં વધારો અનુભવાઈ રહ્યો છે.

આજે સમગ્ર જિલ્લામાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલો મળ્યા હતા, પરંતુ હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ જિલ્લામાં ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. વરસાદના વિરામ સાથે જ શહેરના તાપમાનમાં છેલ્લા બે દિવસથી વધારો નોંધાઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન વધુ એક ડિગ્રી વધીને 31.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ દોઢ ડિગ્રીના વધારા સાથે 25.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 83 ટકા ભેજ નોંધાતા લોકોને બફારાનો અનુભવ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં વાદળછાયુંપણું યથાવત રહ્યું હતું.

**સુડોકુ ૬૫૯૩ - 'કૃતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૮ | | ૬ | ૯ |
| ૨ | ૧ | ૯ | | | ૫ | ૪ | ૮ | |
| | ૪ | | | | ૯ | ૧ | ૫ | ૩ |
| ૩ | | ૫ | | ૮ | | | ૨ | ૪ |
| ૪ | | | ૩ | ૫ | ૭ | ૮ | | |
| ૭ | | | ૯ | ૪ | ૨ | ૫ | | ૬ |
| ૧ | ૨ | | ૮ | ૬ | | ૯ | ૪ | ૫ |
| | ૩ | | ૫ | ૨ | | ૬ | ૭ | |
| ૮ | | ૬ | ૭ | | ૪ | ૩ | ૧ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

**સુડોકુ ઉકેલ-૬૫૯૩**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૮ | ૨ | ૬ | ૯ |
| ૨ | ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૭ |
| ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ | ૨ | ૪ |
| ૪ | ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૭ | ૮ | ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ | ૬ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૯ | ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૮ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૨ |

# VNSGUમાં અન્ય યુનિ.ના વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સફરની તક

**યુજીસી** માન્ય સ્ટેટ, સેન્ટ્રલ, ડીમ્ડ અને પ્રાઇવેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની 14 ઓગસ્ટ સુધી અરજી મંગાવાઇ, વર્ગ દીઠ મહત્તમ પાંચ વિદ્યાર્થીને જ પ્રવેશ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રથમ સત્ર માટે અન્ય યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્રાન્સફરની મહત્ત્વની તક આપી છે. યુજીસી માન્ય સ્ટેટ, સેન્ટ્રલ, ડીમ્ડ તેમજ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હવે નર્મદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ટ્રાન્સફર મેળવી શકશે. આ માટે 14 ઓગસ્ટ, 2026 સુધી અરજી કરવાની રહેશે.

યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોના સેમેસ્ટર-3, 5, 7 તેમજ સેમેસ્ટર-9માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ટ્રાન્સફર માટે અરજી કરી શકશે. ટ્રાન્સફર પ્રક્રિયા સંપૂર્ણપણે અગાઉની યુનિવર્સિટીમાં મેળવેલા ક્રેડિટના આધારે હાથ ધરાશે. જો વિદ્યાર્થીએ અગાઉના અભ્યાસ દરમિયાન જરૂરી ક્રેડિટ કરતાં ઓછી ક્રેડિટ મેળવી હશે, તો તેને ખૂટતી ક્રેડિટ પૂર્ણ કરવા માટે સંબંધિત વિષયોની પરીક્ષા આપવી પડશે. આથી નવા અભ્યાસક્રમમાં કોઈ શૈક્ષણિક ખામી ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. ટ્રાન્સફર માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ પોતાની અગાઉની તમામ માર્કશીટ, અભ્યાસક્રમ (સિલેબસ) તથા જરૂરી શૈક્ષણિક દસ્તાવેજો અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**દાદીમાના નુસખા**
**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**ઉધરસઃ ગળાફાંમાં લોહી**

મોટા, ગુંદા 500g લઈ તેનો રસ કાઢી તેમાં 250g સાકર ઉમેરી, ઉકાળી ચાસણી આવે એટલે ભરી લો. સવાર સાંજ 20g જેટલું ચટાડો.

### ઓલપાડમાં પૂરમાં દસ્તાવેજો ધોવાઈ જતાં ધારાસભ્ય મુકેશ પટેલ એક્શનમાં

# કાગળ નહીં હોય તો પણ અસરગ્રસ્તોને સહાય આપો

**કદરામા** અને ઉમરાછી સહિતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાની સરવેની સ્થળ પર સમીક્ષા કરી

**પંચનામા** અને સ્થાનિક ચકાસણીના આધારે ફોર્મ સ્વીકારવા માનવીય અભિગમ અપનાવવા ભાર

સુરત, કીમઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ ચાલી રહેલી નુકસાની સર્વે કામગીરીનું ધારાસભ્ય મુકેશ પટેલે કદરામા, ઉમરાછી સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. ગ્રાઉન્ડ ઝીરો પર સર્વે કામગીરીની સમીક્ષા દરમિયાન તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી અસરગ્રસ્ત પરિવારોને નુકસાન સહાય મેળવવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે જરૂરી માર્ગદર્શન અને કડક સૂચનાઓ આપી હતી.

નિરીક્ષણ દરમિયાન સામે આવ્યું હતું કે પૂરના પાણીમાં અનેક પરિવારોના મહત્વના સરકારી દસ્તાવેજો પલળી ગયા, નુકસાન પામ્યા અથવા ગુમ થઈ ગયા છે. ખાસ કરીને આદિવાસી સમાજના અનેક પરિવારો પાસે જરૂરી દસ્તાવેજોની અછત હોવાના કારણે નુકસાન સહાય માટેના ફોર્મ ભરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. આ મુદ્દે ધારાસભ્ય મુકેશ પટેલે સ્પષ્ટ સૂચના આપી હતી કે માત્ર દસ્તાવેજોના અભાવે એક પણ ગરીબ અથવા આદિવાસી પરિવાર સરકારની સહાયથી વંચિત ન રહેવો જોઈએ. તેમણે અધિકારીઓને પંચનામા, સ્થાનિક સ્તરની ચકાસણી અને વાસ્તવિક પરિસ્થિતિના આધારે અરજી સ્વીકારી માનવીય અભિગમ દાખવવા જણાવ્યું હતું.

### ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં

# ઉકાઈ ડેમમાં પાણીની આવક ઘટીને 98 હજાર ક્યુસેક

**ડેમની** સપાટી 333.31 ફૂટ, હથનુરમાંથી પણ પાણી છોડવામાં ઘટાડો, ગઈકાલે 2.22 લાખ ક્યુસેક પાણીની આવક થઈ હતી

**બે હાઈડ્રો અને એક કેનાલ ચાલુ કરવામાં આવી**

ડેમમાં પાણીનું યોગ્ય સંચાલન કરવા માટે હાલમાં ઉકાઇ ડેમમાંથી 11,966 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણી છોડીને બે હાઇડ્રો પાવર યુનિટ તેમજ એક કેનાલ કાર્યરત કરવામાં આવી છે. જો આગામી દિવસોમાં ઉપરવાસમાં વરસાદ વધશે અથવા સેન્ટ્રલ વોટર કમિશનના ફોરકાસ્ટ મુજબ વધુ પાણીની આવકની શક્યતા રહેશે તો પરિસ્થિતિને અનુરૂપ ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવશે.

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં ડેમમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આજે સાંજે ડેમમાં પાણીની આવક ઘટીને 98 હજાર ક્યુસેક થઈ હતી અને ડેમની સપાટી 333.31 ફૂટે પહોંચતા ડેમ હવે રૂલ લેવલથી માંડ 2 ફૂટ નીચે છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉપરવાસના 51 રેઈનગેજ સ્ટેશનોમાંથી માત્ર થોડાક વિસ્તારોમાં જ સામાન્યથી હળવો વરસાદ નોંધાયો હતો, જ્યારે મોટાભાગના વિસ્તારોમાં વરસાદનો વિરામ રહ્યો હતો. વરસાદની તીવ્રતા ઘટતાં ડેમમાં પાણીની આવક પણ ગઈકાલની સરખામણીએ અડધાથી પણ ઓછી થઈ ગઈ છે. છેલ્લા 24 કલાક દરમિયાન નંદુરબારમાં 11 મીમી, સાગબારામાં 19 મીમી, અક્કલકુવામાં 16 મીમી, ઉકાઈમાં 15 મીમી, ચોપડવાવમાં 17 મીમી અને કાકડીમ્બામાં 21 મીમી વરસાદ નોંધાયો હતો. આ સિવાયના વિસ્તારોમાં વરસાદ નોંધાયો નહોતો, જેના કારણે ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો જોવા મળ્યો છે. ઉપરવાસમાં વરસાદ ઘટતાં હથનુર ડેમમાંથી છોડવામાં આવતા પાણીમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.

# નશામાં બાઈક સવારને અડફેટે લેતાં મૃત્યુ કેસમાં BMW કાર ચાલકનો નિર્દોષ છૂટકારો

સુરતઃ સાત વર્ષ પહેલાં એરપોર્ટથી ડુમસ તરફ જતા માર્ગ પર બાઈક સવારને અડફેટે લેતા મૃત્યુ કેસમાં BMW કાર ચલાવનાર જમીન દલાલની સામે ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં સેશન્સ કોર્ટે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે તા. 11 સપ્ટેમ્બર 2019ની રાત્રે ડુમસ તરફ જતા માર્ગ પર BMW કાર નં. GJ-19-AF-8000ના ચાલક પરેશ બચુભાઈ પટેલે દારૂના નશામાં બેફામ કાર હંકારી મોટર સાઈકલને અડફેટે લેતાં અશોક ખલાસીનું મોત થયું હતું, જ્યારે અનિલ ખલાસીને ગંભીર ઈજા થઈ હતી. એક કિમી સુધી મૃતકને ઘસડવામાં આવ્યો હતો. ફરિયાદ મૃતકની પત્ની રમીલાબેન ખલાસી દ્વારા ડુમસ પોલીસ સ્ટેશને નોંધાવવામાં આવી હતી.

## આજનું પંચાંગ

**તા. 04/08/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિઃ** વદઃ છઠ : 22:04
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 13
**યોગ :** ધૃતિ **કરણઃ** ગર
**નક્ષત્ર :** ઉ.ભા. 21:55
રાશિઃ મીન (દ,ચ,ઝ,થ) 21:55 પછી મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:15 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:14
**નવકારસી :** 07:03
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 20મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળઃ** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ગુપ્તભય સતાવે. સંતાનોની ચિંતા રહે. પ્રવાસમાં કોઇની વાતોમાં આવવુ નહી. ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રેમ બાબતે ગેરસમજ થાય. ઇર્ષાળુ મિત્રોથી નુકશાન થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધામાં દોડ-ધામ વધશે. સામાજિક કામની ચિંતા સતાવે. મિલકત બાબતે પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** કાયદાકાનૂન બાબતે સાવધાન રાખવી. કોઇની વાતોમાં રોકાણ ટાળવું.ઉચ્ચ શિક્ષણ મદદ મળે.

**સિંહ (મ,ટ,):** બહારના કામની ચિંતા સતાવે. ઉઘરાણી અટકે વડીલોની ચિંતા અને આરોગ્યના ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** આરોગ્ય બાબતે અનુકૂળતા થાય. ઘરનાં કામ થાય. રોજના કામમાં પ્રગતિ અને આવક વધે.

**તુલા (ર,ત,):** સરકારી નોકરિયાતે લાલચથી બચવું હરીફોથી સાવધાન. માતાના આરોગ્યના ખર્ચા વધે.

**વૃશ્ચિક (ન,ય,):** વિદ્યાભ્યાસમાં મદદ મળે. શેર બજારમાં તક મળે. મિત્રોનો સાથ મળે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઘર, મકાન, બાબતે મદદ મળે. મિલકતનાં સોદા થઇ શકે. વડીલોનાં આરોગ્યની દોડધામ રહે.

**મકર (ખ,જ,):** બહારના કામની દોડધામ વધે. નોકરીમાં જવાબદારી વધે. ભાઈ-બહેનો સાથે વિવાદ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રચનાત્મકકાર્યમાં યશ મળે. પરિવારની મદદ નવા કામમાં મળે.આવક કરતાં. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** મન અશાંત રહે. વિવાદથી કાર્યમાં વિલંબ થાય. પ્રવાસમાં વિઘ્નો આવે.

**કોઈ પણ સાલમાં 04 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવુ શીખવાની તક મળે. નવા વાતાવરણમાં કામ કરવાથી ટીમ વર્કનો અનુભવ વધશે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. સમાજમાં માન વધે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સામાજિક પારિવારિક સમસ્યામાં મિત્રોના સાથ મળે.ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમવિવાહની અનુકૂળતા મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. અટકેલાં કામ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય નરમ રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને સહકાર મળે. વિદેશ અભ્યાસની તક મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ પાર પડે. મિત્રો વડીલોની મદદ મળતી રહેશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, રવિ-સોમ, બુધવાર, 04, 13, 22, 31 તારીખે નવા કામ કરવા નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર ડિસેમ્બર શુક્ર-શનિવાર 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતા રહેવું.